# કૃષિ મહાવિદ્યાલય અને કૃષિ પોલિટેકનિક, આકૃયુ, વસો કેમ્પસ ખાતે
# યુથ રેડ ક્રોસ દ્વારા બેઝિક ફર્સ્ટ એઈડ તથા સીપીઆર તાલીમ કાર્યક્રમ યોજાયો

---

ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી એક માનવતાવાદી કાર્યો કરતી વિશ્વવ્યાપી સંસ્થા છે. રેડક્રોસના જુદા જુદા સમાજ ઉપયોગી કાર્યો પૈકી કોલેજમાં અભ્યાસ કરતા યુવાઓ માટે યુથ રેડક્રોસ કાર્યક્રમ પણ ચલાવવામાં આવે છે. આ કાર્યક્રમમાં જોડાયા બાદ વિદ્યાર્થીઓને રેડક્રોસ દ્વારા યુથ મેમ્બરનું પ્રમાણપત્ર, યુથ રેડ ક્રોસ બેઝ અને વિવિધ તાલીમો જેમ કે બેઝિક ફર્સ્ટ એઈડ / સીપીઆરની તાલીમ આપવામાં આવે છે. જે અનુસંધાને માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયા ના માર્ગદર્શન હેઠળ કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલિટેકનિક, આકૃયુ, વસો ખાતે કાર્યરત રાષ્ટ્રીય સેવા યોજના અને યુવા રેડક્રોસ વિભાગ, ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખા, અમદાવાદના સહયોગથી તા. ૦૮/૧૨/૨૦૨૩ને શુક્રવારના રોજ સવારે ૧૧:૦૦ થી ૧૨:30 દરમિયાન યુવા રેડક્રોસ દ્વારા બેઝિક ફર્સ્ટ એઈડ અને સીપીઆરની તાલીમ અંગેનો કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં યુથ રેડ ક્રોસ ટ્રેઇનર તરીકે શ્રીમતી ભાવિનીબેન પટેલ અને યાશીબેન પટેલ હાજર રહ્યા હતા અને તેમના દ્વારા યુથ રેડ ક્રોસના કાર્યો, બેઝિક ફર્સ્ટ એઈડ અને સીપીઆર તાલીમ વિષે ડેમોન્સ્ટ્રેશન કરીને વિદ્યાર્થીઓને વિગતવાર માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત અત્રેની કોલેજ અને પોલિટેકનિકના કુલ ૩૧૪ વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને યુથ મેમ્બર પ્રમાણપત્ર અને યુથ રેડ ક્રોસ બેઝ એનાયત કરાયા હતા. આ કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય અને યુનિટ વડા, ડૉ. બી.સી. પટેલ ના સૂચન મુજબ ડૉ. એમ .એન. જેગોડા, પ્રોગ્રામ ઓફીસર (એન.એસ.એસ.) દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. વસો કેન્દ્રના વિદ્યાર્થીઓએ અને સ્ટાફ મિત્રોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

*************






College of Agriculture & Polytechnic in Agriculture, AAU, Vaso


YOUTH RED CROSS PROGRAMME
Topic: Basic First Aid & CPR Training



